# પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

**1)** ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને આજે માનસિક શાંતિ અને આત્મનિરીક્ષણ પર ભાર મૂકીને  કહ્યું કે ધ્યાન એ સર્વાંગી સુખાકારી માટે એક મુખ્ય માધ્યમ છે.

**2)** ભાજપના વરિષ્ઠ નેતા અને  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કૂચ બિહારથી પશ્ચિમ બંગાળમાં પોતાનો ચૂંટણી પ્રચાર શરૂ કરશે.

**3)** પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે ઈરાની ક્રૂડ ઓઈલ ખરીદવામાં કોઈ ચુકવણીની સમસ્યા નથી.

**4)** અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું  છે કે F-15 ફાઇટર જેટના બીજા ક્રૂ મેમ્બરને પણ સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો છે.

**5)** ઇસ્ટર નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શુભેચ્છાઓ પાઠવી.

**6)** આઇપીએલમાં આજે સનરાઇઝર્સ હૈદ્રાબાદ તેમજ લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે હૈદ્રાબાદમાં અને ચૈન્નઇ સુપરકિંગ્સનો રોયલ ચેલેન્જરન્સ બેંગલુરુ સામે બેંગલુરૂમાં મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩0 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# VP - GLOBAL MEDITATION CONFERENCE

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણને આજે મનની શાંતિ અને આત્મનિરીક્ષણના મહત્વ પર ભાર મૂકતાં હતો, અને કહ્યું હતું કે ધ્યાન એ સર્વાંગી સુખાકારી માટે એક મુખ્ય માધ્યમ છે. નવી દિલ્હીમાં મેડિટેશન લીડર્સની વૈશ્વિક પરિષદને સંબોધતા, ઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ધ્યાન તણાવ ઘટાડવામાં મદદ કરે છે, અને ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા વધારે છે, જ્યારે જીવનમાં શાંત અને સંતુલિત અભિગમને પ્રોત્સાહન આપે છે.

શ્રી રાધાકૃષ્ણને કહ્યું હતું કે ધ્યાન અવલોકન ક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ધીરજ અને આંતરિક શાંતિ બનાવવામાં મદદ કરે છે.

# WB-CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને  પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કૂચ બિહારથી પશ્ચિમ બંગાળમાં પોતાનો ચૂંટણી પ્રચાર શરૂ કરશે. તેઓ રશમેલા મેદાન ખાતે પાર્ટીના કાર્યકરો અને સમર્થકોની રેલીને સંબોધવાના છે.

આ રેલી રાજ્યમાં ભાજપના જોરશોરથી પ્રચારની શરૂઆત દર્શાવે છે. જિલ્લાની નવ વિધાનસભા બેઠકો મહત્વપૂર્ણ છે, જેમાં ભારતીય જનતા પાર્ટી અને અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ સહિત મુખ્ય પક્ષોમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની  છે.

૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે જિલ્લાની નવ બેઠકોમાંથી આઠ બેઠકો જીતી હતી. જોકે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, ભાજપના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિસિથ પ્રામાણિકને હારનો સામનો કરવો પડ્યો હતો.

આ દરમિયાન, રાજ્યમાં મતદાર યાદીઓની ખાસ સઘન સુધારણા, SIR પ્રક્રિયા ચાલી રહી છે. ન્યાયિક અધિકારીઓ હાલમાં મતદારોની અપીલો પર સુનાવણી કરી રહ્યા છે, જે પ્રક્રિયા ૭ એપ્રિલના રોજ પૂર્ણ થવાની છે. નવીનતમ માહિતી અનુસાર, ભારતના ચૂંટણી પંચે કૂચ બિહાર જિલ્લામાં ૨.૧૪ મિલિયનથી વધુ માન્ય મતદારોની યાદી બનાવી છે.

ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, શ્રી મોદી આગામી દિવસોમાં પશ્ચિમ બંગાળમાં અનેક ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

# PURI-IRAN OIL

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે ભારત ઈરાન સહિત 40 થી વધુ દેશોમાંથી ક્રૂડ ઓઈલ આયાત કરી રહ્યું છે અને ઈરાની ક્રૂડ ઓઈલ ખરીદવામાં કોઈ ચુકવણીની સમસ્યા નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી પુરીએ એવા અહેવાલો અને સોશિયલ મીડિયાના દાવાઓને ફગાવી દીધા હતા જેમાં સૂચવવામાં આવ્યું હતું કે ચુકવણીની સમસ્યાઓના કારણે ભારતના વાડીનારથી ઈરાની ક્રૂડ કાર્ગોને ચીન વાળવામાં આવ્યું હતું. તેમણે આવા અહેવાલોને તથ્યપૂર્ણ રીતે ખોટા ગણાવ્યા.

મંત્રીએ કહ્યું કે, પશ્ચિમ એશિયામાં પુરવઠામાં વિક્ષેપો વચ્ચે, ભારતીય રિફાઇનરોએ ઈરાન સહિત અનેક સ્ત્રોતોમાંથી તેમની ક્રૂડ ઓઈલની જરૂરિયાતો સફળતાપૂર્વક સુરક્ષિત કરી છે. શ્રી પુરીએ કહ્યું કે, બિલ ઓફ લેડિંગમાં ઘણીવાર કામચલાઉ સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવે છે, અને ઓપરેશનલ અથવા વાણિજ્યિક કારણોસર પરિવહન દરમિયાન કાર્ગો શિપમેન્ટ બદલાઈ શકે છે.

ભારતની વૈવિધ્યસભર સોર્સિંગ વ્યૂહરચના પર પ્રકાશ પાડતા, પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે, તેલ કંપનીઓ પાસે વ્યાપારી વિચારણાઓના આધારે વિવિધ દેશોમાંથી ક્રૂડ આયાત કરવાની સંપૂર્ણ સુગમતા છે.

# SHAH- MARITIME DAY

ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સમુદ્ર દિવસ નિમિત્તે સમુદ્રી ક્ષેત્રના કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું હતું કે આ કર્મચારીઓની વ્યાવસાયિક કુશળતા અને હિંમતએ શાંતિ અને સંઘર્ષ બંને સમયે દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આજના દિવસ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો એક અહેવાલ ..

( BYTE– ASHRAF NATHWANI VC )

# JAN VISHWAS BILL- BYTE (FOR MIDDAY BULLETINS)

કાયદા અને ન્યાય મંત્રાલયના કાયદા વિભાગના અધિક સચિવ, કે. વી. કુમારે જણાવ્યું છે કે, જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ 2026 દેશમાં વ્યવસાય કરવાની સરળતા અને જીવન જીવવાની સરળતા વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આકાશવાણી સમાચાર  સાથે વાત કરતા, ડૉ. કુમારે જણાવ્યું હતું કે, આ બિલ 23 મંત્રાલયો દ્વારા સંચાલિત 79 કેન્દ્રીય કાયદાઓમાં 784 જોગવાઈઓને આવરી લે છે. તેમણે નોંધ્યું હતું કે વ્યવસાય કરવાની સરળતાને પ્રોત્સાહન આપવા માટે આ જોગવાઈઓમાંથી મોટી સંખ્યામાંને ગુનાહિત જાહેર કરવામાં આવી છે, જ્યારે જીવન જીવવાની સરળતા માટે ઘણી અન્ય જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો છે. તેમણે ભાર મૂક્યો હતો કે બિલ નાના ગુનાઓને દૂર કરીને અને તેમને નાગરિક દંડ સાથે બદલીને એક હજારથી વધુ ગુનાઓને તર્કસંગત બનાવવાનો પ્રયાસ કરે છે. ડૉ. કુમારે ઉમેર્યું હતું કે આ પગલાં નિયમનકારી વાતાવરણને સુધારવામાં અને વ્યવસાયો અને નાગરિકો બંને માટે વધુ અનુકૂળ સિસ્ટમ બનાવવામાં મદદ કરશે.

# ASHWINI VAISHNAW - DELHI RAIWAY STATION

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે નવી દિલ્હી રેલવે સ્ટેશનના પુનઃવિકાસનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટ્સની શ્રેણીમાં, મંત્રીએ કહ્યું કે સ્ટેશન પર મુસાફરોની સલામતી અને સુવિધા વધારવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે નોંધ્યું કે સુરક્ષાને મજબૂત બનાવવા અને તમામ ક્ષેત્રોનું નિરીક્ષણ કરવા માટે લગભગ પંદરસો AI કેમેરા લગાવાશે, અને ઉમેર્યું કે દરેક કર્મચારી અને વિક્રેતાને યોગ્ય ઓળખ માટે ID કાર્ડ અને જેકેટ અપાશે.

મંત્રીએ કહ્યું કે નવી ડિઝાઇન અને સુધારેલી શૌચાલય સુવિધાઓવાળા કોચના મોડેલ તૈયાર કરવામાં આવ્યા છે, અને હાલના કોચને અપગ્રેડ કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે ભારત ટેક્સીને સ્ટેશન સાથે જોડવામાં આવશે અને મુસાફરોની સુવિધા સુધારવા માટે નવા સાઇનેજ સ્થાપિત કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US-F-15-CREW-RESCUED

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પે માહિતી આપી છે કે F-15 ફાઇટર જેટના બીજા ક્રૂ મેમ્બરને પણ સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યો છે. ઈરાન દ્વારા F-15 તોડી પાડવામાં આવ્યું ત્યારથી પાયલટની શોધ ચાલી રહી હતી. શ્રી ટ્રમ્પે કહ્યું કે પાયલટ ઈરાનના પર્વતીય વિસ્તારમાં ફસાઈ ગયો હતો. શુક્રવારે ઈરાને બે ક્રૂ મેમ્બરો સાથેનું F-15E સ્ટ્રાઈક ઇગલ જેટ તોડી પાડ્યું.જેમાં ક્રેશ થયા પછી તરત જ એક પાયલટને બચાવી લેવામાં આવ્યો હતો અને બીજા પાયલટની  સઘન શોધ શરૂ કરવામાં આવી હતી. ઈરાને પાયલટના ઠેકાણા વિશે માહિતી આપનાર માટે  ઈનામની જાહેરાત કરી હતી.

# PREZ VP- EASTER

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇસ્ટર નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમના સંદેશમાં રાષ્ટ્રપતિ મુર્મુએ નાગરિકોને સંવાદિતા, શાંતિ અને ભાઈચારાને પ્રોત્સાહન આપવા સામૂહિક પ્રયાસ કરવાના સંકલ્પ કરવા વિનંતી કરી. તેમણે વધુમાં આશા વ્યક્ત કરી કે ભગવાન ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન લોકોને સત્ય, પ્રેમ, કરુણા, બલિદાન અને ક્ષમાના મૂલ્યોને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરતું રહેશે.

ઉપરાષ્ટ્રપતિએ તેમના સંદેશામાં કહ્યું કે ઈસુ ખ્રિસ્તનું જીવન અને ઉપદેશો પ્રેમ, બલિદાન, ક્ષમા અને અન્યોની સેવાના સ્થાયી મૂલ્યોને પ્રતિબિંબિત કરે છે. આ દિવસ લોકોને સત્યને જાળવી રાખવા નમ્રતા અપનાવવા અને સૌના ભલા માટે સાથે મળીને કામ કરવા પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં આ દિવસને આશા અને નવા જીવનનો ઉત્સવ ગણાવ્યો અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ તહેવાર દરેકના જીવનમાં શાંતિ અને આનંદ લાવશે. શ્રી મોદીએ કહ્યું કે ભગવાન ઈસુના ઉપદેશો કરુણાને પ્રેરણા આપે છે અને સમાજમાં એકતાની ભાવનાને મજબૂત બનાવે છે.

# PM - JAGJIVANRAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ નાયબ પ્રધાનમંત્રી બાબુ જગજીવન રામને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે બાબુ જગજીવન રામે પોતાનું જીવન સમાનતા અને સામાજિક ન્યાય માટે સમર્પિત કર્યું. તેમણે કહ્યું કે પૂર્વ નાયબ પ્રધાનમંત્રી નું દેશ પ્રત્યે અમૂલ્ય યોગદાન હંમેશા યાદ રાખવામાં આવશે.

# IPL

IPL ક્રિકેટમાં, આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે અને બીજી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ગઇકાલે રાત્રે રાજસ્થાન રોયલ્સે ગુજરાત ટાઇટન્સને 6 રને હરાવ્યું હતું. રાજસ્થાન રોયલ્સે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં 210 રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાત ટાઇટન્સ 20 ઓવરમાં 204 રન બનાવ્યા હતા.

# HP-ROAD ACCIDENT

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં ગઈકાલે સાંજે એક વાહન ઊંડી ખીણમાં પડી જતાં ચાર પ્રવાસીઓના મોત થયા હતા અને 19 ઇજાગ્રસ્ત થયા હતા. આ અકસ્માત બંજર સબડિવિઝનના સોઝા-ધ્યાગી વિસ્તારમાં થયો હતો. બસ દિલ્હીથી આવી રહી હતી. ઇજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની તબિયત સ્થિર છે. કુલ 23 પ્રવાસીઓ દિલ્હીથી હિમાચલ પ્રદેશ જઈ રહ્યા હતા. કુલ્લુના પોલીસ અધિક્ષક મદન લાલે જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે અને અકસ્માતની તપાસ કરવામાં આવી રહી છે.

# INDIAN ATHLETICS SERIES

ભારતીય એથ્લેટિક્સ શ્રેણી 2026 માં, મુરલી શ્રીશંકરે પુરુષોની લાંબી કૂદમાં 8.15 મીટરનો કૂદકો મારીને મજબૂત શરૂઆત કરી. બેંગલુરુમાં, 27 વર્ષીય ખેલાડીએ ચોથા પ્રયાસમાં 8 મીટરનો કૂદકો માર્યો, જે એશિયન ગેમ્સ માટે સેટ કરેલા 7.91 મીટરના માનકને પાર કરનાર એકમાત્ર ખેલાડી બન્યો.

પુરુષોના ટ્રિપલ જમ્પમાં, ભૂતપૂર્વ એશિયન ચેમ્પિયન અબ્દુલ્લા અબુબકરે 16.82 મીટરના છલાંગ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું. પેરિસ ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર સર્વેશ કુશારેએ 2.23 મીટરની છલાંગ  સાથે પુરુષોની ઊંચી કૂદ જીતી. મહિલા પોલ વોલ્ટમાં બારાનિકા એલંગોવને શાનદાર પ્રદર્શન કર્યું, જ્યારે એન્સી સોજને શૈલી સિંહને માત્ર બે સેન્ટિમીટરથી હરાવીને મહિલા લાંબી કૂદનો ખિતાબ જીત્યો. પુરુષોની ભાલા ફેંકમાં, બિબીન એન્ટનીએ 77.53 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે જીત મેળવી.

# DELHI POLICE - MEDICINE RACKET

દિલ્હી પોલીસનીક્રાઈમ બ્રાન્ચે રાષ્ટ્રીય રાજધાનીમાં સરકારી દવાઓ ગેરકાયદેસર રીતે વાળવાના ષડયંત્રનોપર્દાફાશ કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ કેસમાં હોસ્પિટલના એક આંતરિક વ્યક્તિ સહિત 5 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસેઆરોપીઓ પાસેથી લગભગ 70 લાખ રૂપિયાની દવાઓ જપ્ત કરી છે. જપ્ત કરાયેલી દવાઓમાંમેરોપેનેમ, સેફ્ટ્રિયાક્સોનઅને રેબીઝ એન્ટિસેરમ જેવી મહત્વપૂર્ણ દવાઓનો સમાવેશ થાય છે. દિલ્હી પોલીસનાજણાવ્યા અનુસાર, આ દવાઓદર્દીઓની મફત સારવાર માટે હતી પરંતુ તેને વાળવામાં આવતી હતી અને ગેરકાયદેસર રીતેવેચવામાં આવતી હતી.